


ધનસુરા કેળવણી મંડળ સંચાલિત આકાશ શિશુ વિહારનો તૃતીય વાર્ષિકોત્સવ સંકુલના કંપાઉન્ડમાં કેળવણી મંડળના પ્રમુખ જયંતિલાલ સી. શાહના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. મુખ્ય મહેમાન પદે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અતિથિ વિશેષ પદે અગ્રમી વ્યાપારી પિયુષભાઈ કે. શાહ, પોકાર ટ્રેડીંગ કું.ના માલિક નરેશભાઈ શાહ, મંડળના મંત્રી જયંતિભાઈ શાહ, વિઠ્ઠલભાઈ પટેલ સાથે વાલીઓ અને ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સહમંત્રી પિયુષભાઈ પી. શાહ કોડી સાહેબ અને શાળાના કલ્પનાબેન ભાવસાર રશ્મીકાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી નાના ભુલકાંઓને રંગબેરંગી વસ્ત્રોમાં સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ગર્લ્સ સ્કૂલના સુપરવાઈઝર હરિભાઈ પરમાર સાહેબે કર્યું હતું. (તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

## હું કોંગ્રેસ પક્ષનો સૈનિક, સાંસદ જગદીશ ઠાકોર

પાટણના સાંસદ જગદીશ ઠાકોરે વિવિધ સમુહ માધ્યમોમાં ચાલતી ખોટી વાતો અને અફવાનો છેદ ઉડાડતા જણાવ્યું કે, હું કોંગ્રેસપક્ષનો સૈનિક છું.

મારા વ્યક્તિગત કારણોથી મેં રાષ્ટ્રીય નેતૃત્વને અને પ્રદેશ નેતૃત્વને લોકસભાની ચૂંટણી લડવામાંથી મુક્તિ આપવા માટે વિનંતી કરી છે. હું પાટણ લોકસભાના તમામ કાર્યકર્તાઓ સાથે પણ આ મુદ્દે ચર્ચાવિચારણા કરી છે. હું પાટણ કે અન્ય મતક્ષેત્રમાંથી લોકસભાની ચૂંટણી લડવાનો નથી પણ પક્ષ મને જે જવાબદારી આપશે તે માટે પ્રચારની સૈનિક તરીકે જવાબદારી અદા કરીશ.



લક્ષ્મીપુરા નજીક દિધિયા ગામે દિવ્ય મહામૃત્ય મહાઅમૃત વિશ્વ વિદ્યાલય રચિત નટરાજપુરમ આશ્રમ આવેલ છે જયાં સ્વામી હિમાંશુ શ્રી બિરાજમાન છે. તેઓ નવરાત્રિના રહસ્યોને મૌનમાં ભમાવી દર પૂનમે તથા અમાસે નટરાજ ભગવાનની મુદ્રા નૃત્ય આરંભે છે અને શબ્દ માર્ગ સત્ય તરફનો સંકેત છે. સત્ય નથી પરમાત્મા આદ્ય શકિત દરેક જીવના જીવનમાં પ્રગટે છે તે અંગેના રહસ્યો છતાં કરી લોકોને ધર્મ ભાવના તરફ આગળ વધવા આધ્યાત્મિક જ્ઞાન આપી રહ્યા છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# આજે બાલાસિનોર ખાતે રાહુલની જંગી જાહેરસભા

## સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા ગામમાં અગરીયાઓની મુલાકાત લઈ તેમની સમસ્યા સાંભળશે

અમદાવાદ, તા.૧૦

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યાક્ષ રાહુલ ગાંધી આવતીકાલે મંગળવારે પ્રદેશ કોંગ્રેસની સદયાત્રાના સમાપન પ્રસંગે બાલાસિનોર ખાતે ફાગવેલ રોડ ઉપર બપોરે ૧૨:૩૦ વાગે એક જાહેરસભોન સંબોધન કરશે.

ગુજરાત સરકારની નબળી કામગીરી, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓને ઉજાગર કરવા અને યુપીએની કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજના અંગે જનજાગૃતિ કેળવવા માટે છેલ્લા દસેક દિવસથી તમામ સંસદીય વિસ્તારમાં ફરેલી કોંગ્રેસની સદયાત્રાનું આવતીકાલે મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે સમાપન થશે. આ નિમિત્તે બાલાસિનોર ખાતે ફાગવેલ રોડ પર બપોરે ૧૨:૩૦ વાગ્યે રાહુલ ગાંધી જાહેરસભાનું આયોજન કરાયું છે. બાલાસિનોરની જાહેરસભા સંપન્ન થયા બાદ રાહુલ ગાંધી સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા ગામે અગરીયાઓની મુલાકાત લઈ તેમની સમસ્યાઓ સાંભળી નિરાકરણ માટેના પ્રયાસો કરશે.

બપોરે ૨ વાગ્યાથી ખારાઘોડામાં મીઠાના અગરીયાઓ સાથેની તેમની મુલાકાતનો કાર્યક્રમ છેલ્લી ઘડીએ ફાઈનલ થતાં સુરેન્દ્રનગર જિલ્લાના પોલીસ-વહીવટી તંત્રમાં અને કોંગ્રેસના આગેવાનોમાં ભારે દોડધામ મચી જવા પામી છે. કોંગ્રેસના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી કાલે બપોરે બાલાસિનોર આવી પહોંચશે અને કોંગ્રેસના આગેવાનો સાથે મીટીંગ યોજી રાજકીય પરિસ્થિતિની ચર્ચા કરશે. બપોરે ૧૨:૩૦ વાગ્યે બાલાસિનોરમાં ફાગવેલ રોડ પર આવેલ માન રેસ્ટોરન્ટ સામેના વિશાળ મેદાનમાં જંગી જાહેર સભાને સંબોધન કરશે.

કોંગ્રેસના આધારભૂત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બાલાસિનોરમાં સભા સહિતના કાર્યક્રમો પુરા થયા બાદ રાહુલ ગાંધી ખારાખોડા ખાતે મીઠાના અગરીયાઓને પણ મળશે. અને તેનો પ્રશ્નો અને સમસ્યાઓથી વાકેફ થશે. મીઠાના અગરીયાઓ સાથેની રાહુલ ગાંધીની મુલાકાતને અંતિમ સ્વરૂપ આપવા માટે વહીવટી તંત્રમાં અને કોંગ્રેસના ટોચના અગ્રણીઓમાં ભારે દોડધામ ચાલી રહી છે.

# કોંગ્રેસ ગુજરાતની બાકી ૧૬ બેઠકોના ઉમેદવારોની બીજી યાદી મોડી જાહેર કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતની ૧૫ લોકસભા બેઠકો માટેના ઉમેદવારોની યાદી કોંગ્રેસ હવે ભાજપના ઉમેદવારો જાહેર થયા બાદ જારી કરે તેવી શક્યતાઓ છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસના કબજાવાળી લોકસભા બેઠકો પૈકીની સાત બેઠકો પરના વર્તમાન સાંસદોને રીપીટ કરવામાં આવ્યા છે. જયારે સાબરકાંઠા બેઠક માટે શંકરસિંહ વાઘેલા, છોટાઉદેપુર બેઠક માટે નારણ રાઠવા અને ભાવનગર બેઠક માટે પ્રવિણ રાઠોડના નામો નક્કી કરવામાં આવ્યા છે.

દસ લોકસભા બેઠકો માટેના ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા બાદ હવે કોંગ્રેસ બાકીની ૧૬ બેઠકો માટેના ઉમેદવારોની બીજી યાદી ભાજપના ઉમેદવારો જાહેર થાય તે બાદ જાહેર કરશે.

કોંગ્રેસના બે વર્તમાન સાંસદો દિનશા પટેલ અને જગદીશ ઠાકોરે લોકસભા ચૂંટણી નહી લડવાની જાહેરાત કરતાં આ બન્ને બેઠકો માટે હવે કોંગ્રેસે નવા ઉમેદવારની શોધ શરૂ કરી છે. પાટણ બેઠક પર પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડને કોંગ્રેસ મેદાનમાં ઉતારે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

જ્યારે બાકીની બેઠકો માટે કોંગ્રેસ મોવડીમંડળ સ્થાનિક સામાજીક અને રાજકીય પરિસ્થિતિને ધ્યાને રાખીને જિલ્લા નિરીક્ષકો અને પક્ષ દ્વારા સીધો જ કરવામાં આવેલ સર્વે અને અહેવાલોને ધ્યાનમાં રાખીને સંભવીત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરશે. આ બેઠકો પર ભાજપના ઉમેદવારોના નામો જાહેર થાય ત્યાર બાદ કોંગ્રેસ તેને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની આખરી પસંદગી યાદી તૈયાર કરીને એપ્રીલના પહેલા સપ્તાહમાં જાહેર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા તાલુકામાં આવેલ મહુડી ગામે બનાસયાત્રાનું સમાપન કરાયું હતું. યાત્રા નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનવાના સંકલનના સંદેશ સાથે સમગ્ર જિલ્લામાં જિલ્લા ભાજપ દ્વારા આયોજન કરાયું હતું. બનાસ યાત્રા પુરા જિલ્લામાં પરિભ્રમણ કર્યા બાદ ગત રોજ બપોરના બે વાગ્યાના સમય ગાળામાં ભાજપ કાર્યકરો દ્વારા દાંતીવાડા કોલોનીથી બાઈક રેલી કાઢી ડીજે સાથે કાર્યકરો યાત્રા રથ સાથે મહુડી ગામે પહોંચ્યા હતા. ગામ લોકો દ્વારા યાત્રાનું સ્વાગત કરાયું હતું. સમગ્ર ગામના લોકો ભેગા થયેલા જોવા મળ્યા હતા. યાત્રાના સમાપન ભાગ રૂપે સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં આવનાર દરેક ભાજપના નેતાઓ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સદંતરે એક જ વાત પર ભાર મૂકતા નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવાની વાત સતત સાંભળવા મળી હતી. કાર્યક્રમમાં મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ, પરબતભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, સંસદ સભ્ય હરિભાઈ ચૌધરી, જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડયા, જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ જોશી, યાત્રાના ઈન્ચાર્જ કનુભાઈ વ્યાસ તેમજ પૂર્વ ધારાસભ્યો, જિલ્લા ભાજપના હોદ્દેદારો તેમજ તાલુકાના તમામ હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# અરજિતસિંહે 'બરફી'નું ગીત ગાતા રાજપથ કલબને નોટિસ

## બરફી ફિલ્મના સોંગ રાઈટ્સની માલિકી ધરાવતી નોવેક્સ કંપનીએ રાજપથને બે લાખ રૂપિયાની નોટિસ ફટકારી

અમદાવાદ, તા.૧૦


કહેવાય છે કે સંગીત-ગાયનને સરહદો નડતી નથી પરંતુ આજના આધુનિક યુગમાં સંગીત-ગાયનને રાઈટસ (હક)ની સરહદો નડે છે તેની પ્રતિતી કરાવતી એક ઘટના પ્રકાશમાં આવી છે. શહેરના રાજપથ કલબમાં જાણીતા પ્લેબેક સીંગર અરજિતસિંહના યોજાયેલા મ્યુઝિક કાર્યક્રમમાં બરફી ફિલ્મનું ગીત ગાતા જ રાજપથ કલબમાં આયોજિત આ પ્રોગ્રામ અન્વયે રાજપથ કલબને નોવેકસ કંપની દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. જેના પગલે રાજપથ કલબના ડિરેકટરો તરફથી આ નોટિસ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની જિપ્સીને આપવામાં આવી છે.

આ સમગ્ર વિવાદની હકીકત એવી છે કે ગત ૨૨ ફેબ્રુઆરીના રોજ રાજપથ કલબ ખાતે આશીકી-૨ ફિલ્મથી જાણીતા બનેલા ગાયક અરજિતસિંહે સંગીત કાર્યક્રમમાં ગીતો ગાયા હતા. પરંતુ તેમણે પોતે ગાયેલા ગીત તદઉપરાંત પબ્લિક ડિમાન્ડથી બરફી ફિલ્મનું ગીત પણ ગાયું હતું. તેથી બરફી ફિલ્મના સોંગ રાઈટ્સની માલિકી ધરાવતી નોવેક્સ કંપનીએ રાજપથ કલબને ૨ લાખ રૂપિયાની નોટિસ ફટકારી છે. જો કે આ નોટિસ રાજપથ કલબે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની જિપ્સીને આપી છે. આ અંગે ઈવેન્ટ મેનેજર ચિરાગ ભટ્ટે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં ગાયક અરજિતસિંહે બરફી ફિલ્મનું ગીત ગાયું હતું તેના માટે નોવેક્સ કંપનીએ અમને નોટિસ આપવી જોઈએ. નહિં કે રાજપથ કલબને. આ સમગ્ર વિવાદ મુદ્દે અમે જવાબ તૈયાર કરી દીધા છે પરંતુ નોવેક્સ કંપની તરફથી અમને કોઈ મળવા આવ્યું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પબ્લિક પર્ફોમન્સ લાઈસન્સ દરેક ઈવેન્ટમાં લેવાનું હમણાંથી ફરજીયાત બની ગયું છે. હવેથી બેન્ડવાજાવાળા હોય, ઓરટેસ્ટ્રા, કૌટુંબિક પ્રસંગ, સંગીત સંધ્યા હોય પરંતુ તેમા જો ફિલ્મી ગીત વાગે તો તેની રોયલ્ટી જે તે હક ધરાવનાર કંપનીને આપવી પડે છે. સામાન્ય રીતે લગ્ન પ્રસંગે બેન્ડવાજા કે સંગીત સંધ્યા દરમ્યાન ઘણા ફિલ્મી ગીતો ગાવામાં આવે છે પરંતુ સામાન્ય લોકોને આવી કોઈ જાણકારી હોતી નથી કે ગીતો વગાડવા માટેનું લાઈસન્સ લેવું પડે તેથી રાઈટ્સ ધરાવતી કંપનીઓ જે તે પાર્ટી પ્લોટ અને બેન્ડવાજાના માલિકો પાસે રોયલ્ટી અર્થે પહોંચી જાય છે. અને કાર્યક્રમો દરમ્યાન ઉચ્ચક રોયલ્ટી વસુલી લે છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિની કારોબારી બેઠક

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતિ તા. ૧૪મી એપ્રિલે આવી રહી છે. ગાંધીનગરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા ઉજવણીનું આયોજન કરવાના હેતુસર તમામ કારોબારી સભ્યોની મીટીંગનું તા. ૧૧મી માર્ચ મંગળવારે સાંજે ૬.૧૦ કલાકે આયોજન કર્યુ છે. મીટીંગ સે-૧૭ના ટાઉનહોલ સામેની લોનમાં યોજાશે. તમામ કારોબારી સભ્યોએ અચૂક હાજર રહેવુ.

## શબ્દાવલી - ૫૩૩૫



### આડી ચાવી

૧. એક જાતના બિયા, ઔષધિ (૫)
૫. રિવાજ (૩)
૬. રોટલી શેકી કડક બનાવાય તે (૩)
૧૧. સમજ વગરનું (૪)
૧૪. આવવું - જવું તે (૫)
૧૮. ઊંચી બેઠક, તખ્ત (૩)
૨૦. ખીજનું વિરોધી (૨)
૨૧. સુનકાર, નિર્જન (૪)
૨૩. વે દોનો અંતિમ ભાગ (૩)
૨૫. વિચાર કરનાર ઇન્દ્રિય (૨)
૨૬. આંટો, ફેરો, ચક્કર (૩)

### ઊભી ચાવી

૧. હોબાળો, સનસનાટી (૪)
૨. શૂળ, કસક, પીડા (૩)
૩. ચોખાની ધાણી (૩)
૪. દોસ્તી (૩)
૭. કીર્તિ, યશ (૨)
૮. સૂનમૂન (૪)
૯. ઘા પુરાઇને નવી ચામડી આવે એટલે... આવી ગઇ કહેવાય (૨)
૧૨. જુગાર (૨)
૧૩. પ્રવાહી, પ્રસાદ (૪)
૧૫. પાણી (૨)
૧૬. ખરું લોઢું (૪)
૧૭. નડતું હોય તેવું (૪)
૧૮. નાજુક, માસૂમિયતથી ભરેલ (૩)
૧૯. વૃધ્ધ, કાકા (૨)
૨૨. પૈસા, M-વિટામીન (૨)
૨૪. વઢ્યાનું હિન્દી (૨)

### શબ્દાવલી ૫૩૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) જગહસાઇ (૬) સરકવું (૭) બસર (૮) જોબ (૯) તગર (૧૧) ડટા (૧૨) યોની (૧૩) ટકાઉ (૧૪) ઘટાટોપ (૧૬) પાધરો (૧૮) પીકદાન (૨૦) ખરાબો

**ઊભી ચાવી :-** (૨) હસરત (૩) સાર (૪) ઇકરાર (૫) છેલબટાઉ (૭) બખીયો (૮) જોડકા (૧૦) ગપાટા (૧૩) ટપકવું (૧૪) ઘરોબો (૧૫) ટોપી (૧૬) ખાપ (૧૭) ધરા (૧૯) નગ

# રખિયાલ ચાર રસ્તા પાસે ડમ્પર ચાલકે યુવકને અડફેટે લેતા સ્થાનિક લોકોનો હોબાળો

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં આજે ફરી એકવાર ડમ્પરચાલક અને આઈસર ચાલકના પૂરઝડપે વાહન હંકારવાની નીતિથી રખિયાલ ચાર રસ્તા પાસે ૨૪ વર્ષીય યુવકનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. આ ઘટના બાદ રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ હોબાળો મચાવ્યો હતો તેમજ વાહનોની કાચ તોડીને લોકોએ ચક્કાજામ કર્યો હતો. બાદમાં પોલીસ ઘટના સ્થળે પહોંચી જઈને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, આજે સવારે ૮ થી ૯ વાગ્યાના સમયગાળામાં રખિયાલ ચાર રસ્તા પાસે આઈસર ચાલકે જીગ્નેશ પટેલના બાઈક ચાલકને અડફેટે લીધો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈકચાલક ૨૪ વર્ષીય જીગ્નેશ પટેલનું ગંભીર ઈજાના પગલે ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. મરનાર જીગ્નેશ પટેલ ખાનગીકંપનીમાં નોકરી કરે છે તેમજઆજે સવારે નિત્યક્રમ પ્રમાણે જીગ્નેશ રખિયાલથી પાલડી પોતાની ઓફીસ તરફ જઈ રહ્યો હતો. અકસ્માત બાદ આઈસર ચાલક આઈસર મુકીને ફરાર થઈ ગયો હતો. બીજી તરફ આ અકસ્માત બાદ નજીકના રહીશો રોષે ભરાતા મામલો બિચકાયો હતો. લોકોએ વાહનના કાચ તોડી નાંખ્યા હતા. તેમજ લોકોએ હોબાળો મચાવતા ચક્કાજામની પરિસ્થિતિ ઉભી થઈ હતી. આ પરિસ્થિતિને કાબુમાં લેવા સ્થાનિક પોલીસ ઘટના સ્થલે દોડી ગઈ હતી. આ મામલા અંગે ગુનો દાખલ કરી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી હતી.

## કંપની સમાચાર

### ગુજરાતમાં આધાર હાઉસિંગ ફાયનાન્સનો પ્રારંભ

૯ શાખાઓનું ઉદ્ઘાટન અને ૪૦ સ્થળોએ મજબૂત સર્વિસ ઈન્ફ્રાસ્ટ્રકચર, સમાજના નબળા વર્ગને તેમનું પોતાનું ઘરનું સ્વપ્ન પરિપૂર્ણ કરવા માટે નાણાંકીય સેવાઓ ઉપલબ્ધ કરાવે છે, આધાર હાઉસિંહ ફાયનાન્સ લિ. (આધાર), હાઉસિંહ ફાયનાન્સ પર ધ્યાન કેન્દ્રિત કરતી કંપનીએ આજે ગુજરાતમાં ઓછી આવક ધરાવતા વર્ગ (જેની માસિક આવક રૂ. ૫૦૦૦થી રૂ. ૨૫૦૦૦ હોય)ના હાઉસિંહ ફાયનાન્સ પૂરું પાડવાની કામગીરીની રજૂઆતની જાહેરાત કરી હતી. કંપની હાલમાં સાત રાજયો મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર અને પ.બંગાળમાં સંચાલન કરે છે.આધાર ગુજરાત રાજયમાં તેની કામગીરી અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, હિંમતનગર, સુરેન્દ્રનગર, નડિયાદ, વાપી અને ભાવનગર એમ નવ શાખાઓ સાથે શરૂ કરે છે. કંપની હબ-એન-સ્પોક મોડેલ દ્વારા ટાયર-૨ અને ૩ શહેરોમાં ૪૦ સ્થળોએ સર્વિસીઝ આપી હજૂ પહોંચ વધારશે.

### ફિઆટે ન્યુ લિનિયા લોન્ચ કરી

લકઝરી અને કમ્ફર્ટ પ્રત્યે વિશેષ ધ્યાન આપતી આજની પેઢીને લક્ષ્યમાં રાખીને ફિઆટ ગ્રુપ ઓટોમોબાઈલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (એફજીએઆઈપીએલ)એ આજે ન્યુ લિનિયા લોન્ચ કરી છે. લિનિયાનું નવું વર્ઝન સ્ટાઈલિશ ડિઝાઈન અને પ્રિમિયમ ઈન્ટિરિયર સહિતની ભરપૂર લાક્ષણિકતાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. ફિયાટે સી સેગમેન્ટમાં ન્યુ લિનિયાની રજૂઆત સાથે પ્રદર્શન અને લકઝરીની બાબતે સ્વયં હાંસલ કરેલા સીમાચિહ્નોને પાર કર્યા છે. આ ઈટાલિયન કાર આકર્ષક કલાસ ફિચર્સ સાથે હાયર સેગમેન્ટ્સની કારની યાદ અપાવે છે. કંપનીને વિશ્વાસ છે ન્યુ લિનિયા ડ્રાઈવિંગના અનેરા આનંદ સાથે નવા પરિમાણો ઉમેરશે. ન્યુ લિનિયા તેના પ્રદર્શન, સુરક્ષા, આરામ, સંચાલન અને કારની અંદર ઈન્ફોટેઈનમેન્ટ બાબતે નવા બેન્ચમાર્ક સ્થાપશે. ન્યુ લિનિયા પ્રિમિયમ ફિચર્સથી સજ્જ કરવામાં આવી છે, સામાન્ય રીતે આવા ફિચર્સ હાયર સેગમેન્ટ્સની કારમાં જોવા મળતાં હોય છે. વધુ સ્પીડ દરમિયાન ડ્રાઈવિંગ સુરક્ષિત બને અને આરામ માટે કારને નવા ક્રુઝ કંટ્રોલ ફિચર્સથી સજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંત એબીએસ અને ઈબીડી, ડ્યુઅલ સ્ટેડ એરબેગ તેમજ અરલી ક્રેશ સેન્સર્સ જેવાં ઉચ્ચ સ્તરિય સેફટી ફિચર્સથી પણ કારમાં મૂકવામાં આવ્યાં છે.

### ગાડી પરત ખેંચી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખીય નીતિ પંચના માર્ગદર્શન નીચે તૈયાર કરી લેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ વિધિ વિભાગો અને ખાતાના વડાની કચેરીઓમાંથી આ ગાડીઓ મેળવવામાં આવશે. આ પછી જરૂર પડયે ખાનગી વાહનો પણ સંપાદિત કરવામાં આવશે. તંત્રએ તમામ વિધાનસભા બેઠક વાર કેટલા વાહનોની જરુરિયાત રહેશે તેને લઈ અહેવાલ માંગ્યો છે.

દરમિયાન ફલાઈંગ સ્કવોર્ડ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ખર્ચ નિયંત્રણ વ્યવસ્થાપન અને મીડિયા મોનીટરીંગ સહિતની કામગીરી ફુલફલેઝ ચાલુ થઈ જશે.

### ૨૨માં ક્રમે ધકેલાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાથમિક શિક્ષણના હક્કને છીનવવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતમાં કોમ્પ્યુટરનું શિક્ષણ આપે તે માટેના જરૂરી શિક્ષકોની રાજ્ય સરકાર નિમણુંક કરતી નથી અને અન્ય વિષયોમાં નિમાયેલા શિક્ષકોને ફિક્સ વેતન આપીને તેમનું આર્થિક શોષણ કરવામાં આવે છે.

ગુજરાતમાં ૧૬ એન્જીનીયરીંગ કોલેજ અને ૨૬ પોલીટેકનીકમાં માત્ર ૪ કોલેજોમાં કાયમી આચાર્ય છે ત્યારે સરકાર શિક્ષણ અને વિકાસ અંગે ખોટા દાવા કરવાનું બંધ કરે.

# અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ ગર્લ્સ હોસ્ટેલના સિક્યુરીટી ગાર્ડ પર હુમલો થતા ચકચાર

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરના સ્વસ્તિક ચાર રસ્તા પાસે આવેલી સેન્ટ ઝેવિયર્સ ગર્લ્સ હોસ્ટેલના સિક્યુરીટી ગાર્ડ પર મોડીરાત્રીના અજાણ્યા શખ્સોએ તીક્ષણ હથિયાર વડે હુમલો કરતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. મોડીરાત્રીના સમયે સિક્યુરીટી ગાર્ડ જ્યારે ફરજ બજાવતા હતા ત્યારે અજાણ્યા શખ્સો આવીને તેમના પર તીક્ષણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ગળાના ભાગે ગંભીર રીતે ઘાયલ થયેલ સિક્યુરીટી ગાર્ડને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યારે પોલીસે આરોપીને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલી સેન્ટ ઝેવિયર્સ ગર્લ્સ હોસ્ટેલમાં કોલેજમાં ભણતી વિદ્યાર્થીનીઓ રહે છે આ હોસ્ટેલમાં રમેશભાઈ દામુભાઈ ક્રિશ્ચયન સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. ગતરાત્રીના સિક્યુરીટી ગાર્ડ તરીકે રમેશભાઈ હોસ્ટેલમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન અજાણ્યા શખ્સો આવીને તેમના પર તીક્ષણ હથિયાર વડે હુમલો કર્યો. તીક્ષણ હથિયાર વડે થયેલ હુમલાના પગલે રમેશભાઈને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ આરોપી રફુચક્કર થઈ ગયા હતા જ્યારે ગંભીર રીતે ઈજા પામેલ રમેશભાઈને તાત્કાલીક સારવાર અર્થે વીએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાના પગલે નવરંગપુરા પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. હોસ્ટેલના સિક્યુરીટી ગાર્ડ પર થયેલા હુમલા પાછળ અંગત અદાવત હોવાનું સુત્રોમાં ચર્ચાઈ રહ્યું છે.

### સહિ ઝુંબેશ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંચાયતના પ્રમુખશ્રીની કાર્યપદ્ધતિને લઈ ઉભા થયેલા વિવાદમાં કદાચ પ્રમુખની સત્તાઓ ઉપપ્રમુખને સોંપવામાં આવે તેવી ચાલ ચાલવાની વ્યુહરચના હોવાની વાતો પણ પંચાયતના રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતની સમિતિઓની રચના બાબતે નિયત થયેલો સમયગાળો પૂર્ણ થવામાં છે એટલે પ્રદેશ નેતાગીરી હવે ચૂંટણીઓ બાદ પંચાયતનો મુદ્દો હાથ પર લે તેવી શક્યતાઓ છે.

દરમ્યાન શિક્ષણ સમિતિને લઈ ઉભા થયેલા વિવાદ તેમજ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિની રચના સહિતના વિવાદો હવે જિલ્લાની સ્થાનિક નેતાગીરી માટે શિરદર્દ બની ઉભર્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સતત ત્રીજી ટર્મ કોંગ્રેસે સત્તા સંભાળી છે. આ નવી પંચાયતની રચનાકાળથી જ સતત વિવાદોમાં ઘેરાયેલી રહી છે. હવે પંચાયત પ્રમુખ સામેની સહિ ઝુંબેશને લઈ તેવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

### અંધારપટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાય છે. ઉદ્યાનમાં મુકાયેલી લાઈટીંગ પોલ્સ બંધ રહેતા અંધારપટ્ટ વચ્ચે સિનિયર સિટીઝન્સને પણ હાલાકી ભોગવવી પડે છે. તળાવ વિકાસની યોજના બાદ તૈયાર કરાયેલી ફૂડકોર્ટને ફાળવવાની પ્રક્રિયા પણ વિલંબમાં પડી છે. કરોડોના ખર્ચ બાદ પણ તળાવ પૂર્ણ રીતે લોક ભોગ્ય ન બનતા આમ નાગરિકોમાં આક્રોશ પ્રર્વત્યો છે.